पुना International School

Shree Swaminarayan Gurukul, Zundal

| | |
|---|---|
| ASSIGNMENT FOR SUMMATIVE ASSESMENT -III | 2020-21 |
| Grade – 8 | Subject- GUJARATI |
| Syllabus – CH-8,9,10 | FROM TEXTBOOK |

## [ READING SECTION]

લીમડો આપણને ઘણો ઉપયોગી છે. લીમડાની ઘટાદાર છાયામાં બેસવાથી આપણને ઠંડક મળે છે. તે વટેમાર્ગુઓ અને પશુ પક્ષીનું આશ્રય સ્થાન છે. લીમડાનું દાતણ દાંત અને શરીર માટે ઉત્તમ છે. લીમડાના લીલા પાન પાણીમાં ઉકાળી, તે પાણી વડે સ્નાન કરવાથી ચામડીના રોગો થતાં નથી. ઘરમાં લીમડાનાં પાનનો ધુમાડો કરવાથી મચ્છરો ભાગી જાય છે. લીમડાના ફળને 'લીંબોળી' કહે છે. તેનું તેલ સાબુ બનાવવા માટે વપરાય છે.

અ) આ ફકરામાં ક્યાં વૃક્ષની વાત કરવામાં આવી છે?

બ) લીમડાની ઘટાદાર છાયામાં બેસવાથી આપણને શું મળે છે?

ક) લીમડાનુ દાંતણ કોના માટે ઉત્તમ છે?

ડ) શું કરવાથી ચામડીના રોગો થતાં નથી?

ઈ) લીમડાના ફળને શું કહેવાય છે?

2. વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદગુણો છોડતા નથી. જે બીજાને માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા – કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ જીવન સાર્થક કરે છે.

પ્રશ્નો 1 ) વૃક્ષોનું જીવન આપણને શું શીખવે છે ?

2) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે ?

3) કોનું જીવન નિરર્થક છે ?

4) કાગડા – કૂતરાનું જીવન કોને કહેવાય?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

## [ WRITING SECTION ]

**પ્રશ્ન ૨ નીચેના વિશે પત્ર લખો.**

**1)** દિવાળીની રજાઓ તમે કેવી રીતે પસાર કરવાના છો તે જણાવતો પત્ર તમારા મિત્રને લખો

મયુર ડી. રાવલ
વંદેમાતરમ,
ગોતા,
અમદાવાદ-૩૮૦૦૧૩
તા .../.../..........

પ્રિય મિત્ર અમિત

મારી પહેલી કસોટીનું પરિણામ આવી ગયુ છે. ગણિતમાં ઓછા ગુણ છે. બાકીનાં વિષયોનું પરિણામ સારુ છે.

થોડા સમયમાં દિવાળીનું વેકેશન પડશે. આ વખતે અમે પ્રવાસે જવાના નથી.મે દિવાળીની રજાઓનું સમયપત્રક તૈયાર કરી લીધું છે. દરરોજ સવારે પપ્પા સાથે અડધો કલાક ચાલવા જવાનો છું. સવારે બે કલાક ‘ઇંગ્લિશ સ્પીકિંગ’ વર્ગમાં અંગ્રેજી શીખવા જવાનો વિચાર છે. ગણિતમાં ઓછા ગુણ આવ્યા છે, તેથી મારા પપ્પા મને દરરોજ સાંજે એક કલાક ગણિત શીખવવાના છે. અમે દિવાળીનો તહેવાર દાદા સાથે મનાવવાનું નક્કી કર્યું છે. એટલે પાંચ દિવસ ગામડે જવાના છીએ. આ ઉપરાંત નિશાળનું ઘરકામ તો ખરું જ.

તારા મમ્મી-પપ્પાને મારા પ્રણામ કહેજે.

તારો મિત્ર
મયુર

2). તમારો મિત્ર ભણવામાં હોશીયાર છે, પરંતુ તે પોતાની તંદુરસ્તીની કાળજી રાખતો નથી તેને તંદુરસ્તી સુધારવાના ઉપાય બતાવતો પત્ર લખો

મયુર ડી. રાવલ
વંદેમાતરમ,
ગોતા,
અમદાવાદ-૩૮૦૦૧૩
તા .../.../..........

પ્રિય મિત્ર અમિત

તારો પત્ર મળ્યો. તું વર્ગમાં પ્રથમ આવ્યો તે માટે તને અભિનંદન.

મને તારા પિતાજી મળ્યા હતાં. તે તારી તબિયતની ચિંતા કરતા હતા. તારે તારી તંદુરસ્તીની કાળજી રાખવી જોઇએ. દરરોજ સવારે વહેલા ઊઠીને કસરત કરવી જોઇએ. તારા વર્ગ માટે રમતનો પણ તાસ આવતો હશે. એમાં તારે હોંશથી ભાગ લેવો જોઇએ. વળી તારે સાંજે ફરવા પણ જવું જોઇએ. તારે તારા ખોરાકની પણ પૂરેપૂરી કાળજી રાખવી જોઇએ. રોજ સવારે દૂધ પીવું જોઇએ. દરરોજ થોડાં ફળો અને શાકભાજી પણ ખાવા જોઇએ.

હું આશા રાખું કે એક મિત્ર તરીકે મારી સલાહ ગમશે

તારો મિત્ર
મયુર

## [GRAMMAR SECTION]

## પ્રશ્ન 3 (અ) નીચેના સમાનાર્થી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | વાંસળી | = | બંસી | 2) | પોપટ | = | શુક |
| 3) | લાડકો | = | વહાલો | 4) | મેહ | = | વરસાદ |
| 5) | પાદર | = | ભાગોળ | 6) | સમજ | = | અક્કલ |
| 7) | સનાતન | = | કાયમી | 8) | વ્યવસ્થા | = | ગોઠવણ |
| 9) | અમોઘ | = | અચૂક | 10) | ગભરામણ | = | મૂંઝવણ |
| 11) | તત્કાળ | = | તરત | 12) | રક્ત | = | લોહી |
| 13) | લોચન | = | આંખ | | | | |

## (બ) નીચેના વિરોધી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ઉતરાવવું | x | ચઢાવવું | 2) | ઓતરાદા | x | દખણાદા |
| 3) | મુશ્કેલ | x | સહેલું | 4) | સ્મિત | x | રુદન |
| 5) | શાંતિ | x | અશાંતિ | 6) | વિવેક | x | અવિવેક |
| 7) | વ્યવસ્થા | x | અવ્યવસ્થા | 8) | હસવું | x | રડવું |
| 9) | ઊંધુ | x | સીધું | 10) | વિકટ | x | સરળ |
| 11) | અતિ | x | અલ્પ | 12) | પૂર્ણ | x | અપૂર્ણ |

## (ક) નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | સ્વયંવરમાં કન્યા પસંદ કરેલા વરને પહેરાવે તે માળા | - | વરમાળા |
| 2) | સંકટને હણનાર | - | સંકટહરણ |
| 3) | ઇન્દ્રને જીતનાર | - | ઇન્દ્રજિત |
| 4) | શિવજીનું ધનુષ્ય | - | ત્ર્યંબક |
| 5) | દશ માથાવાળું | - | દશાનન |
| 6) | પ્રભુનો કે મહાપુરુષનો સંસારમાં જન્મ થવો | - | અવતાર |
| 7) | વહાણો દ્વારા પરદેશનો વેપાર ખેડવો | - | વહાણવટું |
| 8) | દરિયાઓની મુસાફરી કરનાર | - | ખલાસી |

## [LITERATURE SECTION ]

## પ્રશ્ન 4 : નીચેના પ્રશ્નોના જવાબ લખો.

1) વાંસડિયા શા માટે વઢાવવાના છે ?

જ) વાંસડિયા વાંસળી બનાવવા માટે વઢાવવાના છે.

2) વાંસળીએ શું લટકે છે ?

જ) વાંસળીએ ચાર ફૂમતા લટકે છે.

3) ખેતરમાં શું ઝૂલી રહ્યું છે ?

જ) ખેતરમાંપાક ઝૂલી રહ્યો છે.

4) નિરંજન અને તેના મિત્રએ ફિલ્મ જોવા જવાનુ ક્યારે નક્કી કર્યું ?

જ) નિરંજન અને તેના મિત્રએ ફિલ્મ જોવા જવાનુ રવિવારે નક્કી કર્યું.

5) પત્ર કોને લખ્યો હતો ?

જ) પત્ર નિરંજનના દૂરના કાકા વેદસાહેબે લખ્યો હતો.

6) ફિલ્મ જોવા માટે મેનેજરે શી વ્યવસ્થા કરી ?

જ) ફિલ્મ જોવા માટે મેનેજરે બાલ્કનીમાં બે એક્સ્ટ્રા ખુરશીઓ મુકાવી.

7) નિરંજનના મિત્રને ક્યાં અને કઇ નોકરી મળી ?

જ) નિરંજનના મિત્રને વેદસાહેબની ઓફિસમાં ક્લાર્ક તરીકેની નોકરી મળી.

8) સભામંડપમાં રાવણ કેવી રીતે બોલ્યો?

જ) સભામંડપમાં રાવણ અભિમાન સાથે બોલ્યો.

9) જનકરાજાએ સ્વયંવર વખતે શી શરત મૂકી હતી?

જ) જનકરાજાએ સીતાજીના સ્વયંવર વખતે આ શરત મૂકી હઅતી : જે વ્યક્તિ ત્રંબક ધનુષ્યને ઉઠાવશે તેને સીતા વરમાળા પહેરાવશે.

10) રાવણના મતે જનકરાજાને કોણ મારશે?

જ) રાવણના મતે જનકરાજાને કુંભકર્ણ અને ઇંન્દ્રજિત મારશે.